# ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી

ડી.પી.શાખા, બ્લોક નં. ૧૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર. ગુજરાત રાજ્ય.

ક્રમાંક:ડીપી/મોંઘવારી/૨૦૨૪/2929-3303 તા:26/૧૨/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી
બિન સરકારી અનુદાનિત કોલેજ(તમામ)
ગ્રામ વિદ્યાપીઠ, જી.બી.ટી.સી.(તમામ)
ગુજરાત રાજ્ય

વિષય: મોંઘવારી તફાવત બીલો રજુ કરવા બાબત. 7th Pay
માહે: જુલાઇ–૨૪ થી નવે–૨૦૨૪. ૫૦% થી ૫૩ %
સંદર્ભ: (૧) નાણા વિભાગના તા:૦૪/૧૨ /૨૦૨૪ ના ઠરાવ ક્રમાંક:વલભ/૧૦૨૦૧૬/જીઓઆઇ/૭/ચ.

મહાશય,

જય ભારત સહ જણાવવાનું કે, સંદર્ભ દર્શિત ઠરાવ અન્વયે રાજ્યની બિન સરકારી અનુદાનિત કોલેજોના કર્મચારીઓના મોંઘવારી ભથ્થાના દરમાં માહે જુલાઇ–૨૪ થી સાતમા પગાર પંચ મુજબ ૫૩% ના દરે વધારો કરેલ છે. જે અન્વયે માહે ડીસે–૨૦૨૪ પેઇડ જાન્યુ–૨૦૨૫ થી નિયમિત પગારમાં સુધારેલ દરે મોંઘવારી આકારેલ છે. ઉપરોક્ત ઠરાવ જુલાઇ–૨૪ થી નવે–૨૦૨૪ થી સુધીના કુલ–૫(પાંચ)માસના તફાવતની રકમ ડીસે–૨૦૨૪ પેઇડ જાન્યુ–૨૦૨૫ના પગાર સાથે ચુકવણી કરવા જણાવેલ છે.

અનુદાનિત કોલેજોના કર્મચારીઓના મોંઘવારી ભથ્થાના બિલ આકારણી તથા સાધનિક પુરાવા માટે મોંઘવારી તફાવત આકારવા માટેની એક્સેલ શીટ,બીલ રજૂ કરવાની સૂચનાઓ તથા કાયર્ક્રમ આ સાથે સામેલ છે તે મુજબ કોલજના રેગ્યુલર કર્મચારીઓનુ તેમજ નિવૃત કર્મચારી એમ અલગ અલગ બીલ તૈયાર કરી લાગુ પડતા તમામ આધારો સાથે કેમ્પમાં રૂબરૂ બીલો જમા કરાવવાના રહેશે. ત્યારબાદ આવા અલગથી કે ટપાલ થી બીલો સ્વીકારવામાં આવશે નહીં જેની અંગત જવાબદારી કર્મચારી તથા આચાર્યની રહેશે.

વધુમાં તમામ કોલેજોએ **COGENT PORTAL** ના પે રોલ મોડ્યુલમાં મોંઘવારી તફાવત બીલ આકારણી તથા ચૂકવણીની કામગીરી માટે અલગથી બીલ ટાઇપ–**DA DIFF BILL 7TH PAY ૫૦% TO ૫૩% [ BILL CODE-15 ]**મુકવામાં આવેલ છે. કોઇપણ સંજોગોમાં અન્ય કોડમાં દા.ત. **BILL CODE-A-03** કે અન્ય કોઇ પણ કોડમાં બીલ જનરેટ કરી મોકલવુ નહિ.જો અન્ય બીલ કોડમાં બીલ જનરેટ કરી મોકલવામાં આવશે તો આવા બીલો સ્વીકારવામાં આવશે નહિ તથા ચૂકવણી પણ કરવામાં આવશે નહિ.બીલની ચૂકવણીમાં થનાર વિલંબ અગેની સંપુર્ણ જવાબદારી જે તે આચાર્યશ્રીની રહેશે.

આમ,કોલેજના કર્મચારીએ મોંઘવારી તફાવત બીલ સંબંધિત તમામ માહિતી અપડેટ કરી આ શાખાના તા.૧૮/૦૧/૨૦૨૪ ના ના પત્રાંક કડપ/કોજન્ટ પે–રોલ કામગીરી/૨૦૨૪/૭૭–૪૫૨ મુજબની તથા આ સાથે સામેલ સૂચનાઓને અનુસરીને બીલ તૈયાર કરી માહે–ડીસે–૨૪ના પગાર બીલની તથા સદર મોંઘવારી તફાવત બીલની એમ બંન્ને હાર્ડકોપીઓ અલગ અલગ તૈયાર કરી પગાર સંબંધિત કામગીરી કરતા કારકુન સાથે નીચે જણાવેલ કાયર્ક્રમ મુજબ રૂબરૂમાં અચૂક રજુ કરવાના રહેશે.

કેમ્પમાં હાજર રહેવા માટેની કોલેજોની યાદી- કાર્યક્રમ

કેમ્પનું સ્થળ- ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી,બ્લોક–૧૨,ગાંધીનગર.

| ક્રમ | તારીખ | ડીપી ઝોન | સમાવિષ્ઠ કોલેજો/સંસ્થાઓ | સમય |
|---|---|---|---|---|
| ૧ | ૧૭-૧૨-૨૦૨૪ | ઝોન-૯૧ | ૦૧ થી ૪૦ | સમય ૧૦.૩૦ થી ૧૪.૦૦ |
| | | | ૪૧ થી ૭૮/તમામ | સમય ૧૪.૩૦ થી ૧૭.૦૦ |
| ૨ | ૧૮-૧૨-૨૦૨૪ | ઝોન-૯૨ | ૦૧ થી ૫૦ | સમય ૧૦.૩૦ થી ૧૪.૦૦ |
| | | | ૫૧ થી ૧૦૦/તમામ | સમય ૧૪.૩૦ થી ૧૭.૦૦ |
| ૩ | ૧૯-૧૨-૨૦૨૪ | ઝોન-૯૩ | ૦૧ થી ૫૦ | સમય ૧૦.૩૦ થી ૧૪.૦૦ |
| | | | ૫૧ થી ૯૫/તમામ | સમય ૧૪.૩૦ થી ૧૭.૦૦ |
| ૪ | ૨૦-૧૨-૨૦૨૪ | ઝોન-૯૪ | ૦૧ થી ૫૨ | સમય ૧૦.૩૦ થી ૧૪.૦૦ |
| | | | ૫૩ થી ૧૦૪/તમામ | સમય ૧૪.૩૦ થી ૧૭.૦૦ |

નાયબ નિયામક(ડીપી)
ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી
ગુ.રા.,ગાંધીનગર.

13/12/2024

બિડાણ:– મોંઘવારી તફાવત માટેની એક્સેલ શીટ, બિલ તૈયાર/રજૂ કરવા સબંધિત સૂચનાઓ.

**College Name**
**Employee Name**
**Employee's Designation**
**Employee No.**

| College Code |
| --- |
| Basic |
| 131400 |
| |

7th Pay Basicc on July-2024

**D.A difference calculation summary 01-07-2024 to 30-11-2024**

| Sr | % | Month | Payable... | | Total | % | Paid... | | | DIF |
| --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- |
| | New | | Basic | DA | | Old | Basic | DA | TOAL | |
| 1 | 53 | Jul-24 | 131400 | 69642 | 201042 | 50 | 131400 | 65700 | 197100 | 3942 |
| 2 | 53 | Aug-24 | 131400 | 69642 | 201042 | 50 | 131400 | 65700 | 197100 | 3942 |
| 3 | 53 | Sep-24 | 131400 | 69642 | 201042 | 50 | 131400 | 65700 | 197100 | 3942 |
| 4 | 53 | Oct-24 | 131400 | 69642 | 201042 | 50 | 131400 | 65700 | 197100 | 3942 |
| 5 | 53 | Nov-24 | 131400 | 69642 | 201042 | 50 | 131400 | 65700 | 197100 | 3942 |
| | | | Total Payable... | | 1005210 | | Total Paid... | | 985500 | 19710 |

આથી હું પ્રમાણિત કરું છું કે સદર બિલમાં દર્શાવેલ મારી ઓળખ અને પગારને લગતી તમામ વિગતો સાચી છે અને તે મુજબ જ હું હાલની સ્થિતીએ બેઝિક પગાર મેળવું છું.
આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે,

કર્મચારીશ્રીની સહી

ઉપરોક્ત બિલમાં દર્શાવેલ મજકૂર કર્મચારીની તમામ વિગતો સાચી છે જે કોલેજના રેકર્ડ પરથી ખરાઈ કરીને દર્શાવવામાં આવેલ છે તથા બિલના આડા ઊભા સરવાળા ખાતરીપૂર્વક ચકાસીને આ બિલ રજૂ કરેલ છે.

ઉપરોક્ત કર્મચારીનો બેઝિક હાલના અદ્યતન એનેક્ષર અને ROP-16નાં સ્ટીકર મુજબ સાચો જ છે જે રેકર્ડ ચકાસણી કરીને વિગતો દર્શાવેલ છે.વધુમાં ખોટો બેઝિક દર્શાવવાને કારણે વધુ તફાવતનું ચુકવણું થશે તો તે અંગેની ઉપસ્થિત થનાર સંપૂર્ણ જવાબદારી બિલ આકારનારની રહેશે.

આચાર્યશ્રીની સહી

(૨) બિલ કોડ A-015 DA DIFF 7 pay 50% TO 53% કોજન્ટ બિલની ઓનલાઇન નકલ (૦૨ નકલમા)
(ફક્ત આ કોડમા બીલ સ્વીકારમા આવશે)
(૩) અત્રેની કચેરીના તા.૦૧-૦૪-૨૦૨૩ના પત્ર મુજબનુ બીલ રજીસ્ટર પ્રમણપત્ર
(૪) નાણા ચુકવણાનો કચેરી આદેશ (કોલેજના લેટર પેડ ઉપર નમુના મુજબ)
(૫) કર્મચારી દીઠ ગણતરી પત્રક ( સામેલ નમુના મુજબ )
(૬) ગણતરી પત્રક સમરી(બધા કર્મચારીઓની ભેગી)
(૭) જુલાઇ-૨૦૨૪ના પગારબીલ નકલ
(૮) પ્રમાણપત્ર( નમુના મુજબલેટર પેડ ઉપર)
(૯) જે કર્મચારીઓને માહે જુલાઇ-૨૦૨૪ થી નવે-૨૦૨૪ સુધીના સમયગાળા દરમિયાન પગારમા કોઇ ઇવેન્ટનો લાભ મળેલ હોય તો તે મંજુર થયા મુજબનો મુળ પગાર ધ્યાને લઇ ગણતરી પત્રક લાગુ પડતા આધાર સાથે રજુ કરવુ.
(૧૦) રેગ્યુલર તમામ કર્મચારીઓનુ એક જ બિલ બનાવી રજુ કરવાનુ રહેશે.(કોઇ પણ કિસ્સામા અલગ-અલગ રજુ કરેલ બીલ સ્વીકારમા આવશે નહિ જેની ખાસ નોંધ લેવી)

## નિવૃત કર્મચારીઓના કિસ્સામા બિલ રજુ કરવાની સુચનાઓ

(૧) ફોર્વડીગ લેટર(જાવક નંબર અને તારીખ સાથેનો)
(૨) બિલ કોડ B-015 DA DIFF કોજન્ટ બિલની ઓનલાઇન નકલ (૦૨ નકલમા)
(૩) અત્રેની કચેરીના તા.૦૧-૦૪-૨૦૨૩ના પત્ર મુજબનુ બીલ રજીસ્ટર પ્રમણપત્ર
(૪) નાણા ચુકવણાનો કચેરી આદેશ (કોલેજના લેટર પેડ ઉપર નમુના મુજબ)
(૫) કર્મચારી દીઠ ગણતરી પત્રક ( સામેલ નમુના મુજબ )
(૬) ગણતરી પત્રક સમરી(બધા કર્મચારીઓની ભેગી)
(૭) જુલાઇ-૨૦૨૪ના પગારબીલ નકલ
(૮) સામેલ નમુના મુજબનુ પ્રમાણપત્ર( લેટર પેડ ઉપર)
(૯) જે કર્મચારીઓને માહે જુલાઇ-૨૦૨૪ થી નવે-૨૦૨૪ સુધીના સમયગાળા દરમિયાન પગારમા કોઇ ઇવેન્ટનો લાભ મળેલ હોય તો તે મંજુર થયા મુજબનો મુળ પગાર ધ્યાને લઇ ગણતરી પત્રક લાગુ પડતા આધાર સાથે રજુ કરવુ.
(૧૦) નિવૃતિનો હુકમ અને પી.પી.ઓની પ્રમાણિત નકલ
(૧૧) નિવૃત તમામ કર્મચારીઓનુ એક જ બિલ બનાવી રજુ કરવાનુ રહેશે.(કોઇ પણ કિસ્સામા અલગ-અલગ રજુ કરેલ બીલ સ્વીકારમા આવશે નહિ જેની ખાસ નોંધ લેવી)

# કોલેજનું લેટર પેડ

વંચાણે લીધા:-

(૧) નાણા વિભાગનો તા.૦૪-૧૨-૨૦૨૪ નો ઠરાવ ક્રમાક: વલભ-૧૦૨૦૧૬-જીઓઆઇ-૭-ચ.

કચેરી આદેશ:-

વંચાણે લીધેલ-૧ ના ઠરાવ અન્વયે ગુજરાત રાજ્યની બિન સરકારી અનુદાનિત કોલેજોના કર્મચારીઓના માહે જુલાઇ-૨૦૨૪ની અસરથી સાતમા પગાર પંચના મોઘવારી ભથ્થાના દરમા ૫૦ % થી ૫૩ % વધારો કરેલ છે તથા **જુલાઇ–૨૪થી નવે–૨૦૨૪થી સુધીના કુલ–૫ (પાંચ) માસના તફાવતની રકમ ડીસે–૨૦૨૪ પેઇડ જાન્યુ–૨૦૨૫ના પગાર સાથે ચુકવણી કરવા જણાવેલ છે.** અત્રેની કોલેજના રેગ્યુલર શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓને નિયામોનુસાર મળવાપાત્ર માહે **જુલાઇ–૨૪થી નવે–૨૦૨૪** સુધીના મોઘવારી તફાવતના નાણા નીચે મુજબના કોષ્ટકના કોલમ-૦૪ મુજબ કુલ રૂ..............................(અંકે રૂપિયા......................................) ચુકવવાનો આથી આદેશ કરવામા આવે છે.

| ક્રમ | EMP NO | કર્મચારીનુ નામ અને હોદ્દો | રકમ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| | | | |
| | | | |
| | | | |
| | | | |

આચાર્યશ્રીના સહી/સિક્કા

પ્રતિ,

- નાયબ નિયામકશ્રી(ડી.પી), ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી,ગાંધીનગર.
- ઉપર કોષ્ટક મુજબના તમામ કર્મચારીઓ,સદર કોલેજ.
- હિસાબી શાખા,સદર કોલેજ,
- હુકમ ફાઇલે.

# કાલજનુ લટર પડ

## પ્રમાણપત્ર

(૧) આથી પ્રમાણપત્ર આપવામા આવે છે કે, અત્રેની કોલેજના રેગ્યુલર/નિવૃત શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓના સાતમા પગાર પંચ મુજબ ૫૦% થી ૫૩% ના જુલાઇ-૨૦૨૪ થી નવે-૨૦૨૪ સુધીના સમયગાળાનુ મોઘવારી તફાવતનુ બીલ R.O.P-2016 મુજબના અદ્યતન સ્ટીકર/એનેક્ષર મુજબના મૂળ પગારને ધ્યાને લઇ તે મુજબ જ ગણતરી પત્રક રજુ કરેલ છે. જો ભવિષ્યમા આ બાબતે વધુ ચુકવણુ,ડુપ્લીકેટ ચુકવણુ કે ખોટુ બીલનુ આકારણુ કે ખોટી વિગતો જણાશે તો વહીવટી,નાણાકીય અને કાયદાકીય પ્રશ્નોની સંપુર્ણ જવાબદારી બીલ આકારનારની રહેશે.વધુ ચુકવણુ,ડુપ્લીકેટ ચુકવણુ કે ખોટા બીલના વધુ ચુક્વાયેલ નાણા સરકારશ્રીમા પરત ભરવા તેઓના પેન્શન તથા નિવૃત્તિ વિષયક મળનારના લાભમાથી તથા મહેસુલી રાહે સરકારશ્રી પરત જમા કરવવા અંગેની બાંહેધરી બિલમા સમાવિષ્ઠ કર્મચારીઓઆ પાસેથી અસલમા મેળવી કોલેજના રેકર્ડ ઉપર રાખેલ છે.

(૨) આથી પ્રમાણપત્ર આપવામા આવે છે કે, અત્રેની કોલેજના જે કર્મચારીઓને સાતમા પગાર પંચ મુજબ ૫૦% થી ૫૩% મોઘવારી તફાવતના નાણા મળવાપાત્ર છે તે તમામ કર્મચારીઓનુ બીલ આ સાથે મોક્લી આપેલ છે.

(૩)આથી પ્રમાણપત્ર આપવામા આવે છે કે, અત્રેની કોલેજના એક પણ રેગ્યુલર/નિવૃત શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓનુ સાતમા પગાર પંચ મુજબ ૫૦% થી ૫૩% મોઘવારી તફાવતનુ બીલ રજુ કરવાનુ બાકી રહેતુ નથી.જેની આથી ખાતરી આપવામા આવે છે.તથા ભવિષ્યમા ઉપર મુજબના તફાવતનુ એક પણ બીલ રજુ કરવામા આવશે નહિ.

(૪) આથી પ્રમાણપત્ર આપવામા આવે છે કે, સદર બીલના આડા-ઊભા સરવાળા અમોએ જાતે તપાસેલ છે અને જે બરાબર માલુમ પડેલ છે.

(૫) આથી પ્રમાણપત્ર આપવામા આવે છે કે, સદર બીલમા સમાવિષ્ઠ તમામ કર્મચારીઓએ તા.૦૧/૦૭/૨૦૨૪ થી ૩૦-૧૧-૨૦૨૪ સુધી એક પણ બિન-પગારી રજા ભોગવેલ નથી.(જો બિન-પગારી રજા ભોગવેલ હોય તો તેની વિગત દર્શાવવી.)

આચાર્યશ્રીની સહી/સિક્કા

સ્થળ:

તારીખ:

કચેરીનુ રાઉન્ડ
સીલ

**તા.૦૧/૦૭/૨૦૨૪ થી રાજ્ય સરકારના કર્મચારીઓ/પેન્શનરોને મળવાપાત્ર મોંઘવારી ભથ્થાના દરમાં ૩% વધારો કરવા બાબત.**

ગુજરાત સરકાર

**નાણા વિભાગ**

**ઠરાવ ક્રમાંક** : વલભ-૧૦૨૦૧૬-જીઓઆઈ-૭-ચ

સચિવાલય, ગાંધીનગર

તારીખ :૪/૧૨/૨૦૨૪

**વંચાણે લીધા:**

(૧) નાણા વિભાગનો તા. ૧૬/૦૫/૨૦૧૮નો ઠરાવ ક્ર. વલભ-૧૦૨૦૦૭-૨૦૧૬-ચ

(૨) નાણા વિભાગનો તા. ૦૪/૦૭/૨૦૨૪ નો ઠરાવ ક્ર. વલભ-૧૦૨૦૧૬-જીઓઆઈ-૭-ચ

(૩) ભારત સરકારનો તા.૨૧/૧૦/૨૦૨૪ નો કચેરી હુકમ નં.૧/૫/૨૦૨૪/ઈ.૨(બી)

**ઠરાવ:**

ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો- ૨૦૧૬ હેઠળના પગારધોરણો મુજબના પગાર ઉપર, સંદર્ભ (૨) માં દર્શાવેલ તા.૦૪/૦૭/૨૦૨૪ના સરકારી ઠરાવ અન્વયે રાજ્ય સરકારના કર્મચારીઓ અને પેન્શનરોને તા.૦૧/૦૧/૨૦૨૪ ની અસરથી ૫૦% ના દરે મોંઘવારી ભથ્થું મળવાપાત્ર થશે તેમ ઠરાવવામાં આવેલ છે.

૨. ઉપર સંદર્ભ (૩) માં દર્શાવેલ ભારત સરકારના તા.૨૧/૧૦/૨૦૨૪ના ઓફીસ મેમોરેન્ડમથી, કેન્દ્ર સરકારના કર્મચારીઓના કિસ્સામાં, તા.૦૧/૦૭/૨૦૨૪ની અસરથી હાલમાં ચુકવવામાં આવતા મોંઘવારી ભથ્થાના ૫૦% ના દરમાં વધારો કરી ૫૩% ના દરે મોંઘવારી ભથ્થુ ચુકવવાનું ઠરાવવામાં આવેલ છે. રાજ્ય સરકારના કર્મચારીઓ અને પેન્શનરોના મોંઘવારી ભથ્થાના પ્રવર્તમાન ૫૦% ના દરમાં તા.૦૧/૦૭/૨૦૨૪ થી ૩% (ત્રણ ટકા) વધારો કરી, ૫૩% કરવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે રાજ્ય સરકારના કર્મચારીઓ અને પેન્શનરોના કિસ્સામાં નીચે દર્શાવ્યા મુજબના દરે મોંઘવારી ભથ્થુ મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

| ચૂકવવા પાત્ર તારીખ | ચૂકવવા પાત્ર માસિક મોંઘવારી ભથ્થાનો દર |
|---|---|
| **તા. ૦૧/૦૭/૨૦૨૪ થી** | **મૂળ પગારના ૫૩%** |

૩. રાજ્ય સરકાર અને પંચાયતના કર્મચારીઓને જુલાઈ–૨૦૨૪ થી નવેમ્બર–૨૪ સુધીના મળવાપાત્ર મોંઘવારી ભથ્થાના પગાર તફાવતની રકમ ડિસેમ્બરના પગાર સાથે (પેઈડ ઇન જાન્યુઆરી–૨૦૨૫) રોકડમાં ચૂકવવાની રહેશે.

રાજ્ય સરકારના પેન્શનરોને જુલાઈ–૨૦૨૪ થી નવેમ્બર –૨૦૨૪ સુધી મળવાપાત્ર હંગામી વધારાના તફાવતની રકમ રોકડમાં ઉપર મુજબ ચૂકવવાની રહેશે. મોંઘવારી ભથ્થામાં ૫૦ (પચાસ) પૈસા અને તેના કરતાં વધુ પૈસાની ચૂકવણી આખા રૂપિયા પ્રમાણે થશે અને ૫૦ (પચાસ) પૈસા કરતા ઓછી રકમને ગણતરીમાં લેવામાં આવશે નહીં.

૪. આ હુકમો જેમના પ્રોવિડન્ટ ફંડ ખાતા રાજ્ય સરકાર હસ્તક છે તેવા રાજ્ય સરકારના તમામ કર્મચારીઓ તથા પંચાયત કર્મચારીઓ, માધ્યમિક શાળાઓ અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ, સહાયક અનુદાન મેળવતી બિન સરકારી શાળાઓ/સંસ્થાઓ જેમના કર્મચારીઓને રાજ્ય સરકારની મંજુરીથી સાતમા પગારપંચ પ્રમાણે પગાર સુધારણાનો લાભ આપવામાં આવેલ છે તેવા કર્મચારીઓને લાગુ પડશે.

૫. આ હુકમોનો લાભ ઉચિત ફેરફાર સાથે પ્રાથમિક શિક્ષકો અને પંચાયતમાં પ્રતિનિયુક્તિ ઉપરના અથવા બદલી પામેલ કર્મચારીઓ તેમજ કામ પુરતા મહેકમ પરના કર્મચારીઓ જેમને સાતમા પગારપંચ મુજબ પગારસુધારણા મંજુર કરવામાં આવેલ છે તેમને મળવાપાત્ર થશે.

પંચાયતો દ્વારા તેમના કર્મચારીઓને મંજુર કરેલ મોંઘવારી ભથ્થાના કારણે અને બિન સરકારી માધ્યમિક શાળાઓને તેમના શિક્ષકોને તેમજ સહાયક અનુદાન મેળવતી સંસ્થાઓને તેમના કર્મચારીઓને આપવાના થતા મોંઘવારી ભથ્થાના કારણે થતું ખર્ચ, આ હુકમોમાં નિયત કર્યા પ્રમાણે વિનિયમિત કરવામાં આવશે. આ હુકમોને કારણે થતું ખર્ચ તે શરતે અનુદાનને પાત્ર ગણવામાં આવશે કે આ રીતે મંજુર કરેલ મોંઘવારી ભથ્થાના તફાવતનો હિસ્સો રાજ્ય સરકારના સમકક્ષ કર્મચારીઓને મળવાપાત્ર હિસ્સા કરતાં વધારે ન થવો જોઇએ.

૬. રાજ્ય સરકારની પ્રવર્તમાન નીતિ અનુસાર મોંઘવારી ભથ્થામાં થતો આ વધારો જેમને સાતમા પગાર પંચ મુજબ પગાર સુધારણા થયેલ છે તેમને મળવાપાત્ર થશે.

આ હુકમો અખિલ ભારતીય સેવા (A.I.S.) અધિકારીઓને પણ લાગુ પડશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઇ. ડી. ચૌધરી)
નાયબ સચિવ
નાણા વિભાગ

**નકલ રવાના પ્રતિ–:**

* માન .રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
* માન .મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર